અપીલ અરજી નં.૨૮૧ તા.૩૦–૧૧–૦૯/૧૦

અરજદારઃ–શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ.

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૦–૭–૦૯ ની અરજીથી ન.પ્રા.શિ.સ. સુરતની ગુજરાતી કન્યાશાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ મ્યુ.ટેના. નં.૦૯એ– ૧૩–૧૧૦૧ –૦–૦૦૧ થી નોંધાયેલ વાડીફળિયા, આમલીરાન (કન્યાશાળા નં. ૧૩૮) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૮૧/૨૦૦૯–૧૦

શ્રી મુકેશ અનિલકુમાર કાનુગાની તા.૧૦–૭–૦૯ ની અરજીથી ન.પ્રા.શિ.સ. સુરતની ગુજરાતી કન્યાશાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ મ્યુ.ટેના. નં.૦૯એ–૧૩–૧૧૦૧–૦–૦૦૧ થી નોંધાયેલ વાડીફળિયા, આમલીરાન (કન્યાશાળા નં.૧૩૮) ની માહિતી આપવા બાબતે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ.ના પત્ર જા.નં.૧૨૧તા.૩૦–૧૦–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૪ તા.૭–૧૨–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. તથા અરજદારને અપીલ અરજીમાં નિયમ–૬ હેઠળ મુળ અરજીની નકલ, તથા ફી ની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૨–૦૯ ના પત્રથી મુળ અરજી નમુના 'ક' માં એડહેસીવ સ્ટેમ્પથી કરેલ તેની નકલ, જાહેર માહિતી અધિકારી ધ્વારા જાવક નં.૧૨૧ તા.૩૦–૧૦–૦૯ થી નમુના 'ઘ' માં આપેલ માહિતીના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૦–૭–૦૯ ની અરજીથી ૧. ન.પ્રા.શિ.સ. સુરતની ગુજરાતી કન્યાશાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ મ્યુ.ટેના. નં.૦૯એ–૧૩–૧૧૦૧–૦–૦૦૧ થી નોંધાયેલ વાડીફળિયા, આમલીરાન (કન્યાશાળા નં.૧૩૮) વાળી મિલ્કત જે ભાડેથી ન.પ્રા.શિ.સ. એ રાખેલ છે તેના ઠરાવની નકલ આપવા વિનંતી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મ્યુ. ગુજરાત કન્યાશાળા વોર્ડ નં.૯ નોંધ નં.૮૦૬ થી નોંધાયેલ વાડી ફળીયા આમલીરાન ખાતે આવેલ મિલ્કતમાં શાળા સમિતિ હસ્તકની કન્યા શાળા નં.૧૩૧ ની મિલ્કત ઘણા વર્ષોથી માસિક રૂા.૬૬/– ના ભાડાથી રાખેલ છે. ઘણા વર્ષોથી આ મિલ્કતમાં આ શાળા ચાલતી છે તેના ઠરાવની નકલ અત્રે ઉપલબ્ધ નથી. ૨. ઉપરોકત મિલ્કતનું માસિક ભાડું કેટલા રૂપિયા ચૂકવવામાં આવેલ છે અને કોના નામના ચેકથી ચૂકવવામાં આવે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતનું માસિક ભાડુ રૂા.૬૬/– પ્રતિ માસ રોકડમાં ટ્રસ્ટીશ્રી હર્ષિદાબેન રજનીકાંત ઠકકર કે જેમનું નામ અત્રેના રેકર્ડ ઉપર નોંધાયેલ છે તેમને ચૂકવવામાં આવે છે અને ચૂકવણાની પહોંચ પેઈડ પગાર બીલ સાથે રાબેતા મુજબ શાળાના દફતરે રાખવામાં આવે છે. ૩. ઉપરોકત મિલ્કત ભાડા અંગે સુરત મ્યુ. કોર્પોરેશન (હાલમાં સુરત મહાનગરસેવા સદન) તરફથી ઠરાવ કરવામાં આવેલ હોય તો તેની નકલ આપવા વિનંતી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથીઘણા વર્ષોથી આ મિલકતમાં શાળા ચાલતી હોવાથી શાળા સમિતિ ધ્વારા કે મહાનગરપાલિકા ધ્વારા મિલ્કતના ભાડાના ઠરાવની વિગત ઉપલબ્ધ નથી તેમ જણાવેલ. જયારે અરજદારે અપીલ અરજીમાં ૧. જવાબમાં કન્યા શાળા નં.૧૩૧ લખેલ છે માંગેલ માહિતી નં. ૧૩૮ છે. ૨. ઘણા વર્ષોથી આ મિલ્કતમાં શાળા ચાલતી છે તેથી ઠરાવની નકલ ઉપલબ્ધ નથી. ઘણા વર્ષો પરંતુ કયા વર્ષથી ચાલે છે તે જણાવેલ નથી અને ઠરાવની નકલ આપેલ નથી એવી અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને નિયત સમય અવધિ બાદ વિલંબથી આપેલ માહિતી પ્રત્યુત્તરની વિગત ધ્યાને લેતાં જાહેર ભંડોળમાંથી થતાં ખર્ચ અને હાલ પણ ચૂકવાતી રકમ બાબતે જે આધાર પર ભાડુ ચૂકવાય છે તેના સંદર્ભ કાગળો કે ઠરાવ ઉપલબ્ધ ન હોય તેવી રજૂઆત આરટીઆઈ એકટના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીના ઉદ્દેશો સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે શાળા ભાડે રાખ્યાની મૂળ દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને પૂરી પાડી થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુકેશ અનિલકુમાર કાનુગા,